

જન્મશતાબ્દી પુસ્તકમાળા - ૧૪
યુગ દેવતાની અપીલ
અસાંભળી ન કરશો
(પ્રવચન)
- પં. શ્રીરામશર્મા આચાર્ય

## ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।

દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ અને ભાઈઓ

મનુષ્યના જીવનમાં અનેક પ્રકારના સૌભાગ્ય આવે છે અને એ સૌભાગ્ય માટે માણસો પોતાને ભાગ્યશાળી માને છે, પરંતુ આવું સૌભાગ્ય ક્યારેક જ પ્રાપ્ત થાય છે, કાયમ પ્રાપ્ત થતું નથી. પદવીદાન સમારંભમાં રોજ ડિગ્રી મળતી નથી. એ તો જીવનમાં એકાદ વાર જ મળે છે. હાથમાં ડિગ્રી સર્ટિફિકેટ લઈ પદવીદાન સમારંભનો પટ્ટો પહેરી ફોટો પડાવીએ છીએ. એવો સમય વારંવાર આવતો નથી, પણ માણસનું સૌથી મોટું સૌભાગ્ય એ છે કે તે આવા સમયને ઓળખી લે. એના જેવું બીજું કોઈ સૌભાગ્ય દુનિયામાં નથી એમ હું માનું છું. ખેતી બધા ખેડૂતો કરે છે, પણ જે ખેડૂત વર્ષા ઋતુમાં યોગ્ય સમયે જ વાવણી કરે છે તે ઓછી મહેનતે વધુ પાક મેળવી શકે છે. જો બીજ વાવવાનો

સમય ચૂકી જવાય તો સારા અને વધુ પાકની આશા રાખી શકાય નહિ. લગ્નની પણ ઉંમર હોય છે. જો એ વીતી જાય તો પછી ઘણા પરેશાન થવું પડે છે અને ઘણીવાર નિષ્ફળતા પણ મળતી હોય છે. જે માણસો સમયને ઓળખી લે છે એ ફાયદામાં જ રહે છે. પેપરમાં નોકરીની જાહેરાતો જોઈને જે ઉમેદવાર તરત જ અરજી કરી દે છે, અર્થાત્ જે સમયને ઓળખી લે છે તે જલદી સફળ થાય છે. ટ્રેનમાં રિઝર્વેશન થાય છે. જે સમય પર પહોંચી જાય છે, લાઈનમાં ઊભા રહે છે એમને રિઝર્વેશન મળી જાય છે. જે ટાઈમ ચૂકી જાય છે એ જિંદગીમાં હેરાન જ થાય છે. હું તમને સમયનું મહત્વ બતાવી રહ્યો હતો. શા માટે સમયનું મહત્વ બતાવતો હતો ? એટલાં માટે કે જે સમયમાં આપણે આજે જીવીએ છીએ એ ખૂબ અગત્યનો અને શાનદાર સમય છે. તે ફરી તમારી જિંદગીમાં કે ઇતિહાસમાં આવવાનો નથી. તમારી આવતી પેઢીઓ પણ આવા સુવર્ણ સમય માટે આતુર રહેશે. જેમના બાપદાદાએ સમયનો લાભ ઉઠાવ્યો હશે એમના પરિવારની પ્રશંસા થતી રહેશે. સમાજમાં અને ઇતિહાસમાં એમનું નામ સુવર્ણ અક્ષરે લખાશે. જે સમયને ઓળખ્યા વગર આળસમાં બેસી રહેશે

તેઓ અને એમની પેઢીઓ જીવનભર પસ્તાતાં રહેશે. પાછલી પેઢી કહેશે કે આવા સુવર્ણ સમયને અમારા વડીલોએ ખોટો ગુમાવી દીધો. જો આ શાનદાર સમયને વડીલોએ ઓળખી લીધો હોત તો એમની સાત પેઢી ધન્ય જઈ જાત.

જ્યારે પણ કોઈ અવતાર થયો છે, કોઈ મહાપુરુષે જન્મ લીધો છે ત્યારે એમની સાથે ખભે ખભો મેળવીને જેમણે કામ કર્યું છે એમને હું ખૂબ ભાગ્યશાળી અને સમજદાર માનું છું. એમાંના એક છે હનુમાન. હનુમાન કોણ હતા ? સુગ્રીવના વફાદાર સૈનિક હતા. સુગ્રીવને જ્યારે મારી ઝૂડીને એમના ભાઈએ કાઢી મૂકયા અને એમની પત્ની ઝૂંટવી લીધી ત્યારે સુગ્રીવ પોતાના વફાદાર સૈનિક સાથે ઋશ્યમૂક પર્વત પર રહેવા લાગ્યા. ત્યાં એકવાર રામ ચંદ્ર ભગવાન આવ્યા તો સુગ્રીવે હનુમાનને એમની પાસે મોકલ્યા. હનુમાનજી બ્રાહ્મણનું રૂપ લઈને તેમની સામે ગયા હતા કે જેથી કોઈ એમને મારે નહિ, તો શું હનુમાનજી કમજોર હતા ? હા, જો કમજોર ન હોત તો વાલી સાથે યુદ્ધ કરીને સુગ્રીવની પત્નીને અને રાજ્યને એના કબજા માંથી છોડાવી શક્યા હોત, પરંતુ રામે હનુમાનને એમની શક્તિનું ભાન કરાવ્યું. એમણે સમયને ઓળખી લીધો અને

રામનું કામમાં લાગી ગયા. તમે જાણો છો કે મહત્વપૂર્ણ શકિત સાથે જોડાઈ જઈએ તો શું લાભ થાય છે. તમે કદાચ અંદાજ નહિ લગાવી શકો, પરંતુ હનુમાનજીએ લગાવી દીધો હતો. એમણે એવી હિંમત બતાવી હતી કે જે આદર્શોને જીવનમાં ઉતારવા માટે જરૂરી છે. આદર્શોનું પાલન કરવા માટે સાધનોની જરૂર હોતી નથી. સાધનો તો બધા પસો હોય છે, પણ અધ્યાત્મ એટલે ઊંચા આદર્શો પાળવા માટેની હિંમત. એ બધા પાસે હોતી નથી. એને પ્રયત્નપૂર્વક કેળવવી પડે છે. આ અધ્યાત્મને હનુમાનજીએ ઓળખી લીધું અને રામને એમના કામમાં મદદ કરવા માટે તૈયાર થઈ ગયા. એમણે શાનદાર હિંમત દેખાડી અને શક્તિનો સ્ત્રોત બની ગયા અને ગજબનું કામ કરવા લાગ્યા. સમુદ્ર ઓળંગવા ગયા અને પર્વતને ઉખાડી લાવ્યા. રાવણની લંકાને બાળી નાખી અને રાવણના સૈન્યને પડકારવા લાગ્યા. કુંભકર્ણ જેવા જોડે હનુમાનજી એકલાં લડવા ગયા હતા.

હનુમાનજીએ અધ્યાત્મને જીવનમાં ઉતાર્યું એટલે એમનામાં આટલી બધી શકિત આવી ગઈ. અધ્યાત્મ મંત્ર જપ કે મંદિર સુધી સીમિત નથી રહેતું.

અધ્યાત્મ એટલે ઉચ્ચ આદર્શો અને સિદ્ધાંતને જીવનમાં ઉતારવાની હિંમત. હનુમાનજીએ જપ, તપ કે અનુષ્ઠાન કર્યા ન હતાં, પણ ઉચ્ચ આદર્શો માટે ભગવાનની સાથે ખભે ખભો મેળવીને કામ કર્યું હતું, તેથી ન્યાલ થઈ ગયા. નલ અને નીલે પથ્થરોનો પુલ બનાવ્યો હતો. આટલા મોટા સમુદ્ર પર પથ્થરોથી પુલ બનાવ્યો હતો, જેમાં થાંભલા ન હતા. એમાં સિમેન્ટની પણ જરૂર પડી ન હતી. ઊંચા આદર્શો માટે જ્યારે વ્યકિત કામ કરે છે, તો ભગવાન એને શકિત આપે છે. રીંછ અને વાનરોએ પણ ભગવાનના કામમાં મદદ કરી હતી. લાકડાં, ઈંટો, પથ્થર દોડીદોડીને લાવતા હતા. સંતોએ પણ તેમની પ્રશંસા કરી છે. ભક્તો એ સમયને ઓળખી લીધો હતો. સીતાના પાછાં આવી ગયા પછી કોઈ હનુમાન કહે હું રામની સેનામાં ભરતી થઈને સીતા માતાની શોધ કરી લાવીશ, તો રામ કહેશે કે એ સુવર્ણ અવસર જતો રહ્યો.

એ જ રીતે ખિસકોલી પોતાના વાળમાં ધૂળ ભરીને લાવતી અને સમુદ્રમાં ઠાલવતી હતી. આમેય સમુદ્ર કિનારે ખિસકોલીઓ રેતીમાં દોડાદોડ કરતી હોય છે. પોતાના વાળમાં રેતી ભરી લાવી સમુદ્રમાં ઠાલવવી એ કોઈ મોટું કામ

નથી, પરંતુ ખિસકોલીની ભાવના મહાન હતી. એને થયું કે ભગવાન સ્વયં આવ્યા છે. એમને મદદ કરવી જોઈએ. ખિસકોલીએ સમજદારી બતાવી, ભગવાન ખુશ થઈ ગયા. રામે ખિસકોલીને ઊંચકી લીધી અને છાતી સરસી ચાંપી દીધી. એની પીઠ પર ભગવાને પ્રેમથી હાથ ફેરવ્યો એનાં નિશાન આજે પણ જોવા મળે છે. રામે ખિસકોલીનો સિદ્ધાંતો પ્રત્યેનો પ્રેમ, હિંમત અને નિષ્ઠા જોઈને તેને પ્રેમ કર્યો. એ ખિસકોલી ધન્ય થઈ ગઈ.

ભગવાન જ્યારે પણ જન્મ લે છે ત્યારે એની પાછળ એમનો ચોક્કસ હેતુ હોય છે, તમે સાંભળ્યું જ હશે કે ભગવાન ધર્મની સ્થાપના કરવા માટે અને અધર્મનો નાશ કરવા માટે જન્મ લે છે. રામાયણ અને મહા ભારતમાં તમે આ વાચ વાંચી હશે. મારા તરફથી બીજી એક વાત નોંધી લો કે ભક્તોને ધન્ય કરી દેવા પણ ભગવાન જન્મ લે છે. એમને ઇતિહાસમાં અજર અમર બનાવવા માટે પણ ભગવાન આવે છે. જે આ તકને ઓળખી લે છે એ ધન્ય બની જાય છે. કેવટે રામને પૈસા લીધા વગર નાવમાં બેસાડી ગંગા પાર કરાવી હતી અને પોતે ભવસાગર તરી ગયો હતો. તો તમે કહેશો કે ચાલો ગુરુજી, હું તમને

કારમાં બેસાડીને ફેરવી લાવું. તમે કેવટની જેમ મને પણ ભવ પાર કરાવી દો. બેટા, હવે આ કાર્ય મુશ્કેલ છે. એ ખાસ અવસર હતો. એ સમયને તમે ઓળખી ન શક્યા અને હવે ભાગ્યને દોષ દો છે. શબરીએ ભગવાનને બોર ખવડાવ્યા હતા. એ શબરીના ગુણગાન ગાતા આપણે થાકતા નથી. ભગવાને શબરીને કહ્યું હતું કે હું ભૂખ્યો છું. જેમ તમારે તમારી જરૂરિયાત હોય છે એમ ભગવાનને પણ ક્યારેક જરૂર પડે છે. મનુષ્ય માટે આ સૌભાગ્ય પૂર્ણ સમય હોય છે. શબરીએ આ સૌભાગ્યશાળી પ્રસંગને ઓળખી લીધો હતો અને એ સમય પર બોર ખવડાવીને ભગવાનની ભૂખ ભાગી હતી.

આપણેને ભગવાનની જરૂર હંમેશા હોય છે, તો ક્યારેક ભગવાનને આપણી જરૂર પડે છે. આપણે પણ રીંછ, વાનર, ખિસકોલી, શબરી કે કેવટની જેમ સમય ઓળખીને કામ કરવા લાગી જઈએ, તો ધન્ય બની જઈએ. ગીધે પણ સમયને ઓળખી લીધો હતો. એ વૃદ્ધ હોવા છતાં મા સીતાને મદદ કરવા ગયો અને રામના કાજે મોતને ભેટી મોક્ષ પામ્યો. માણસ કાયમ ભગવાન સામે હાથ ધરતો રહે છે, પણ ભગવાન તો ક્યારેક જ મદદ માટે હાથ લંબાવે છે. જો

કોઈ એના હાથમાં પોતાની મદદનો હાથ મૂકે તો રવીન્દ્રનાથ ટાગોરની કવિતા જેવો લાભ મળે. "હું ભીખ માગવા ઘેર ઘેર ગયો અને ઘઉં ભેગાં કર્યાં. એક ભિખારીએ મારી સામે માગવા હથેળી ધરી. મેં એમાં ઘઉંનો એક દાણો મૂકયો. ભિખારી જતો રહ્યો. ઘેર જઈને ઘઉંની થેલી ખાલી કરી, તો એમાંથી એક સોનાનો દાણો નીકળ્યો. હું માથું પકડીને ખૂબ પસ્તાયો કે મેં આખી થેલીના ઘઉં જો એ ભિખારીને આપી દીધા હોત, તો બધા જ દાણા સોનાના થઈ જાત." જે આવા સુઅવસરને ઓળખી લે છે એ ધન્ય બની જાય છે અને ક્યાંથી ક્યાં પહોંચી જાય છે.

આજના યુગના ભગવાનની વાત કરું. થોડા સમય પહેલા ગાંધી નામના દેવતા થઈ ગયા. એમણે મદદ માટે હાથ લંબાવ્યો હતો. જે લોકો એમના સહયોગી બની ગયા તેઓ સ્વતંત્રતા સેનાની બની ગયા, તેમને તામ્રપત્ર મળ્યું, ત્રણસો રૂપિયા પેન્શન મળ્યું અને આખા રાજ્યમાં મફત મુસાફરીનો લાભ મળ્યો. જેમણે ત્યાગ કર્યો એમને જ લાભ મળ્યો. મિનિસ્ટર પણ સ્વતંત્રતા સેનાનીઓ માંથી જ બન્યા. અત્યારે મેં તમને બોલાવ્યા છે. દુનિયા

બદલાઈ રહી છે. જેમ માણસને પોતાનું મોત દેખાતું નથી, તેમ દુનિયા બદલાઈ રહી છે તે પણ દેખાતું નથી. તમને ભગવાનનો ચોવીસમો અવતાર થતો દેખાય છે ? દુનિયાનો કાયાકલ્પ થતો દેખાય છે ? જમીનદાર શાહી, રાજાશાહી, શાહુકારી બધું જ બદલાઈ ગયું. અત્યારે લોકશાહીનું સામ્રાજ્ય છે.

અત્યારે દુનિયા બે રીતે બદલાઈ રહી છે. એને પ્રજ્ઞાવતાર બદલી રહ્યો છે. માણસોની બુદ્ધિ જેટલી વધી છે એટલી સંસારમાં આફતો પણ વધી છે. તમે કૉલેજોમાં અને વિશ્વવિદ્યાલયોમાં જુઓ, તો ત્યાં કેટલી અરાજકતા તથા ગુંડાગીરી વધી રહી છે. પહેલાં ત્યાં પવિત્રતા, સંસ્કાર અને નમ્રતા જોવા મળતા હતા. અત્યારની દુનિયાને બદલવાની ખૂબ જરૂર છે. આ બુદ્ધિને સદબુદ્ધિ દ્વારા જ બદલવામાં આવી રહી છે. આ બદલનાર મહા પ્રજ્ઞા છે. ચોવીસમો અવતાર પ્રજ્ઞાના રૂપમાં થઈ ચૂકયો છે. એ તમને તમારા ચર્મ ચક્ષુથી નહિ દેખાતું હોય, પરંતુ તમે મારી આંખોમાં આખો પરોવીને જુઓ. મારી આંખો દૂરદર્શી છે. દુનિયામાં જ્યારે પણ ભગવાનનો અવતાર થયો છે ત્યારે ભકતજનોનું ભાગ્ય ખૂલી ગયું છે. મેં તમને રામનું ઉદાહરણ આપ્યું. હવે બુદ્ધ અને શ્રીકૃષ્ણના

જન્મના થોડાક ઉદાહરણો આપું. ભગવાનના કામમાં તો શું, પણ કોઈ પણ મહા પુરુષના કામમાં જેમણે મદદ કરી એ પણ ધન્ય બની ગયા. તેમને દુનિયા યાદ કરે છે. રાજગોપાલાચારી, વિનોબા, વલ્લભભાઈ પટેલ, નહેરુ, રાધાકૃષ્ણન, રાજેન્દ્રબાબુ વગેરે અમર થઈ ગયા.

આજનો સમય પણ એટલો જ અગત્યનો છે. પ્રજ્ઞાવતાર સાથે તમે ખભે ખભો મેળવી, એમના રસ્તે ચાલી કામ કરશો તો તમારું ભાગ્ય જ ખૂલી જશે, તમે ઇતિહાસમાં અમર થઈ જશો. મેં પણ મારા ગુરુના આદેશ પ્રમાણે જ કામ કર્યું છે. ગુરુજી, તમે તો ચોપડીઓ લખો છો, પૂજા કરો છો. બેટા , હું આખો દિવસ પૂજાપાઠ નથી કરતો. પહેલા છ કલાક પૂજા કરતો હતો. અત્યારે ચાર કલાક કરું છું. મારા કરતા ચાર ગણી પૂજા કરનાર તમને મળી રહેશે, પરંતુ મેં ભગવાનની સાથે ખભે ખભા મેળવીને તેમનો ભાર ઓછો કરવા કામ કર્યું છે, મારું સર્વસ્વ એમને સમર્પિત કરી દીધું છે.

હું સમજી ગયો છું કે પ્રજ્ઞાવતાર થઈ રહ્યો છે. ભગવાન જોડે કામ કરવાનો નિશ્ચય કરી લીધો છે. આખું જીવન ભગવાનના કામમાં વિતાવવાનું

નક્કી કર્યું છે. લાકડું જ્યારે સમર્પિત થઈ જાય છે તો લાકડું પણ અગ્નિ બની જાય છે. એની કિંમત પણ અગ્નિ જેટલી જ થઈ જાય છે. જે લાકડાને બાળકો કાલે ઉછાળતાં હતાં તે આજે આગ  બની ગયું. હવે બાળકો તેને અડકવાની હિંમત કરતાં નથી, કારણ કે જે લાકડું હતું એણે આગમાં જવાની હિંમત બતાવી. તમે પણ ભગવાનના કામમાં લાગી જવાની હિંમત બતાવશો તો ધન્ય બની જશો.

ભગવાન તો પોતાનું કાર્ય કરવાના જ છે, પછી ભલે તમે એમના કામમાં ભાગીદાર બનો કે ના બનો. રામ ચંદ્ર ભગવાન રાવણને એકલાં મારી શકત ? હા, મારી શકત. રામમાં એટલી શકિત હતી જ કે રાવણ અને બધા રાક્ષસોને એકલે હાથે મારી શકે. તેઓ પોતાના બાહુબલથી સીતાજીને પાછાં લાવી શક્યા હોત, પરંતુ ભગવાન પોતાના ભક્તોને શ્રેય આપવા માગતા હતા. ભક્તોને શ્રેય આવા પ્રસંગોએ જ આપી શકાય છે. ભક્તની પરીક્ષા પણ આવા જ અવસરે જ થાય છે. એ સમય પણ ઘણો શાનદાર હોય છે. પરીક્ષા રોજ  છે ? એનો પણ સમય હોય છે. તમને આવા સુવર્ણ સમય માટે બોલાવવામાં આવ્યા છે. માત્ર

નવરાત્રી અનુષ્ઠાન કરવા જ નથી બોલાવ્યા. અનુષ્ઠાન કરો છો એ ઘણું સારું છે. અહીં ગંગાનો પવિત્ર કિનારો છે, હિમાલયની તળેટી છે, ગાયત્રી તીર્થનું પવિત્ર વાતાવરણ છે. એમાં તમે ગાયત્રીના જપ કરો છો એ બહુ આનંદની વાત છે, પણ માત્ર અનુષ્ઠાનની સફળતા માટે જ તમને નથી બોલાવ્યા. આજના સૌભાગ્યશાળી સમયમાં ભગવાનનું કામ કરી ભગવાનના કામમાં ભાગીદાર થવા તમને બોલાવ્યા છે. તમે આ તકને ઓળખી શક્યા છો ? એનો લાભ લેવા તૈયાર છો ? ભગવાનને મદદ કરવા રાજી છો ? તમે આવા શુભ કાર્યમાં ઝંપલાવવા માટે તૈયાર છો ? છે હિંમત ? જો તમારી બુદ્ધિ આ સુઅવસરને ઓળખવામાં તમને મદદ કરે અને સલાહ આપે કે આ સુવર્ણ અવસરને ઓળખી લો, આ મોકો ઝડપી લો, તો તમે ધન્ય બની જશો, માલામાલ થઈ જશો.

આ યુગમાં ભગવાનની આપણી પાસે શી માગ છે ? તમે બધા યુગ શકિત ગાયત્રીના અભ્યાસુ છો. પ્રજ્ઞાવતાર તમારી પાસે ઇચ્છે છે કે તમે લોકોના વિચારો ને શુદ્ધ કરો. એમના મગજની અને વિચારોની સફાઈ કરો.

વિવેકશીલને પ્રજ્ઞા કહે છે. આમ તો માણસો બહુ  બુદ્ધિશાળી છે. મોટી મોટી બહુમાળી ઈમારતો તેમણે ઊભી કરી છે, પુલો બાંધ્યાં છે, મોટા મોટા બંધો બાંધ્યાં છે, પણ બીજી બાજુ એજ બુદ્ધિશાળી પ્રાણીઓ લોખંડ અને સિમેન્ટ ખાઈ ગયાં. કોઈ પણ ખાતામાં જાઓ તો તમને બુદ્ધિશાળી માણસો જ મળશે. બુદ્ધિ વગરના માણસો માત્ર ચંપલની ચોરી કરી શકે, પણ બુદ્ધિશાળી માણસોએ તો આખી દુનિયાને ઉલ્લુ બનાવી છે. દુનિયાનો વિનાશ બુધ્ધિશાળીઓએ જ કર્યો છે. હિંદુસ્તાન પાકિસ્તાનના ભાગલા બુધ્ધિશાળીઓએ જ પડાવ્યા છે. સામાન્ય માણસો લાખો લોકોનું લોહી રેડાવી ન શકે. બુદ્ધિશાળી માણસોના મગજની સફાઈ કરવા માટે એવી એક જબરદસ્ત લહેર આવી રહી છે, એક એવું મોજું આવી રહ્યું છે, જે લોકોની વિચારવાની પધ્ધતિને બદલી નાંખશે. વિચારો ને વિચારોથી બદલવામાં આવશે. આનું નામ જ વિચાર ક્રાંતિ અથવા પ્રજ્ઞાવતાર છે. આ પ્રજ્ઞા અભિયાન કોઈ માણસ દ્વારા સંચાલિત નથી. આ તો મહાશકિતનું કામ છે. એ મહા શકિત સામર્થ્ય વાન, પ્રતિભાવાન અને શકિત શાળી છે. એના કાર્યની સફળતા સામાન્ય માણસ જોઈ શકતો નથી.

વિચારક્રાંતિની સફળતા જબરદસ્ત છે. તમે જોશો કે મારા કાર્યની સફળતા કેટલી શાનદાર હશે, કારણ કે મેં અવતાર સાથે હનુમાનજીની જેમ ખભે ખભો મેળવીને કામ કર્યું છે. રાધા એક સામાન્ય ભરવાડની છોકરી હતી, પરંતુ કૃષ્ણ સાથે જોડાઈને તે ધન્ય બની ગઈ. શાનદાર શક્તિને સાથ આપનાર વ્યકિત ક્યાંથી કયાં પહોંચી જાય છે ! એટલા માટે આ શિબિરમાં તમને ખાસ ઉદ્દ્ેશ્યથી બોલાવ્યા છે. જો તમને લાભ લેવાની ઇચ્છા હોય અને એ મોટા લાભને યોગ્ય તમારું વ્યક્તિત્વ હોય, તમારામાં એ કાર્યમાં ઝંપલાવવાની હિંમત હોય, તો આવો, આવો સુવર્ણ સમય ચૂકશો નહિ. આ અવસરનો પૂરે પૂરો લાભ ઉઠાવો. તમને બધાને હું ઢંઢોળું છું. જેઓ નિવૃત્ત થઈ ગયા છે, જેમની પાસે સમય છે, પ્રતિભા છે જેમને કોઈ જવાબદારી નથી એ બધા આનો વધુમાં વધુ લાભ લેવા માટે આમંત્રણ આપું છું. અમારી સેનામાં ભરતી થઈ જાઓ. વિશેષ કરીને જેઓ પરિશ્રમી અને ચારિત્ર્ય વાન હોય અને જેમના માથે જવાબદારીઓ ઓછી છે એમને મારી ખાસ આગ્રહભરી

વિનંતી છે. જેઓ પોતાનું ગુજરાન ચલાવ્યા પછી મસાજ અને દેશના કામમાં સહયોગી બની શકે તેઓ ખરેખર ધન્ય છે.

તમારા માંથી જેઓ ભાવનાશીલ છે, જેમની ઉપર ઘરની જવાબદારીઓ ઓછી છે એમને હું રોકીશ. જેમની ઉપર જવાબદારીનો ભાર છે એમને હું મદદ કરીશ. મારે શકિતપીઠો માટે કાર્યકર્તા જોઈશે. આ શકિતપીઠોમાં પ્રાણ પૂરવા મારે કાર્યકર્તાઓની જરૂર છે. મારે ૨૪,૦૦૦ ની ભરતી કરવાની છે. જો તમે તમારા ખાવા પીવાની વ્યવસ્થા કરી શકો એમ હો તો વાંધો નહિ. બાકી હું તમારા રહેવાની, ખાવાની, કપડાની અને તમારી પત્ની તથા છોકરાના ખર્ચની વ્યવસ્થા કરીશ, પણ આ ખર્ચ બ્રાહ્મણોચિત હશે. તમે કહેશો કે આટલો બધો ખર્ચ તમે ક્યાંથી લાવશો ? તમને ખબર નથી કે મારી પાછળ કેટલી મોટી શકિત છે. મારા ગુરુ ઘણા શકિત શાળી છે. મારી પાસે કશું નથી. હું ખાલી હાથે આવ્યો છું. મારા ગુરુ ખાલી હાથ વાળા નથી. મને મારા ગુરુ પર સંપૂર્ણ વિશ્વાસ છે. યુગ નિર્માણનું કામ ભાવનાશીલો, ત્યાગીઓ તથા નિષ્ઠાવાન માણસો જ કરી શકશે. એટલે જ હું તમને કહું છું કે મારે ભાવનાશીલ,


http://rushichintan.com

પ્રામાણિક અને પરિશ્રમી માણસોની જરૂર છે. આવા માણસોમાં તમે સામેલ થઈ જાઓ તો તમારું હાર્દિક સ્વાગત છે. હું તમને વિશ્વાસ આપું છું કે તમે જે કોઈ ધંધો કરો છો એના કરતાં આ શ્રેષ્ઠ છે. હું એ જ ધંધો કરું છું. એટલું હું તમને ખાતરી આપું છું કે, આ ધંધો બહુ ફાયદા વાળો છે.

અત્યારે મારી પાસે દસ લાખ સ્વયંસેવકો છે. આખી દુનિયાને બદલવા માટે આટલા માણસો ઓછા કહેવાય. એકલા ભારતમાં જ અત્યારે એક અબજ કરતાં વધારે લોકો વસે છે. આ બધા પાસે પહોંચવા માટે દસ લાખ સ્વયંસેવકો ઓછો પડે. યુગનિર્માણના કાર્યક્ષેત્રને વિસ્તારવા માટે  તમારા જેવા ભાવનાશીલ, મહેનતુ અને  નિષ્ઠાવાન માણસોની જરૂર છે. મારે વિચારશીલ વર્ગને, ભાવનાશીલ વર્ગને શોધવો પડશે, જે ત્યાગ અને બલિદાન આપવા આગળ આવે. મારે ડોકટરોની, એન્જિનિયરોની તથા સિપાઈઓની જરૂર છે. મારે એવા લોકોની જરૂર છે, જે રાષ્ટ્રનું નિર્માણ કરી શકે. નવા ક્ષેત્રમાં કામ કરવા તમે મને સાથ આપો. મેં શાનદાર ભવાની તલવાર તૈયાર કરી છે. આવી શાનદાર યોજના આજ સુધી દુનિયામાં બની નથી. મે ભણેલા ગણેલા

માણસો નિયમિત, વિનામૂલ્યે સાહિત્ય વંચાવવાની યોજના બનાવી છે. તમે ભણેલા માણસો સુધી મારી વાત પહોંચાડી દો. મારી પીડા, મારી વ્યથા તમામ લોકો સુધી પહોંચાડો. લોકોને તમે એવું ના કહેશો  કે ગુરુજી ખૂબ ચિંતિત છે. એમની આંખમાંથી દુનિયાના દુઃખી લોકો માટે અશ્રુ વહે છે. વિચાર ક્રાંતિ અભિયાનને મેં યુગ સાહિત્યના રૂપમાં લખવાનું શરૂ કરી દીધું છે અને દરેક માણસને સ્વાધ્યાય કરવા મજબૂર કર્યો છે. મારા વિચારો ને. તમે વાંચો. એ વિચારો ને લોકો સુધી પહોંચાડો. મારા હૃદયની આગની ચિનગારી સાહિત્યના રૂપમાં ઘેર ઘેર પહોંચાડો. જીવનના વાસ્તવિક સિદ્ધાંતને સમજો. સ્વપ્નોની દુનિયા માંથી બહાર નીકળી આદાનપ્રદાનની દુનિયામાં આવો. તમારી આસપાસના વિસ્તારમાં જેટલા માણસો છે એમના સુધી મારા વિચારો ફેલાવો. યુગ સાહિત્ય તમારા પડોશીઓને વંચાવવાનું શરૂ કરી દો. એમને સાહિત્ય દ્વારા મારા વિચારોથી અવગત કરાવો. એનાથી જ મારું કામ થશે અને તો જ મને સંતોષ થશે. યુગ સાહિત્ય બધાને વંચાવો. જે મારા વિચારો પ્રમાણે આચરણ કરશે એ જ મારો સાચો શિષ્ય કહેવાશે. મારા વિચારો તીક્ષ્ણ છે. મારી બધી જ

શકિત મારા વિચારોમાં સમાયેલી છે. દુનિયાને બદલી નાખવાનો હું જે દાવો કરું છું એ સિધ્ધિઓથી નહિ, પરંતુ મારા સશક્ત વિચારોથી કરું છું. તમે આ વિચારો બધા લોકો સુધી ફેલાવવામાં મને મદદ કરો. તમે નવી પેઢી તૈયાર કરો. એમના જન્મદિવસ ઉજવો. એ દ્વારા મારા વિચારો દરેક ઘરમાં પહોંચાડો.

યુગ સાહિત્ય વંચાવો, પ્રજ્ઞા અભિયાન વંચાવો, જન્મદિવસ ઉજવો. તમારા માંથી જે વ્યક્તિઓ પ્રજ્ઞા પુત્રના રૂપમાં મારી સાથે એટલે કે યુગનિર્માણના કાર્યમાં જોડાવા માગે છે તેઓ અંગદ, નલ, નીલ, હનુમાન, ખિસકોલી, શબરી અને કેવટ બનીને આવે. તમે આવો તો ખરા. મારા માટે કામ તો કરો. પછી જુઓ કે હું પણ તમારા માટે કામ કરું છું કે નહિ. મેં ગાયત્રી માતા માટે કામ કર્યું છે. ગાયત્રી માતાએ મારા માટે કામ કર્યું છે. તમે મારું કામ કરો, હું તમારું કામ કરીશ. દેશમાં થનારા બધા કાર્યક્રમોમાં હવે હું જઈ શકું નહિ, પરંતુ તમારા માંના દરેક સક્રિય કાર્યકર્તાએ વર્ષમાં એકવાર હરિદ્વાર એટલે કે તમારા ગુરુદ્વારામાં આવવું જોઈએ. અત્યારે સુધી તમે મારી પાસે વરદાન માગવા આવતા હતા. હવે તમારે ગુરુદક્ષિણા ચુકવવાનો વારો આવ્યો છે. હું તમારા

સમયની, મહેનતની, તમરી બુદ્ધિની, તમારા પૈસાની ગુરુદક્ષિણા ઇચ્છું છું. એટલે કે તમારે શ્રમ દાન, સમય દાન, અંશ દાન અને તમારા વ્યક્તિત્વનું દાન આપવું પડશે. હું એવા લોકોને બોલાવવા ઇચ્છું છું કે જે બીજાને આશીર્વાદ આપવામાં સમર્થ હોય ખભે ખભો મિલાવીને કામ કરી શકે, જે ગોવર્ધન ઉઠાવવામાં લાકડીનો ટેકો કરી શકે. મેં આખા વિશ્વને મારું કાર્યક્ષેત્ર બનાવ્યું છે. દરેક વ્યકિતને હરિદ્વાર બોલાવી વિશ્વના કાર્યક્ષેત્રમાં કામ કરી શકે એ માટે પ્રાણ સંચાર કરવામાં આવશે. તમે બધા મારી આ યોજનામાં મદદ કરો. વિવેકાનંદ અને ચાણક્ય બનીને ગુરુના કામમાં લાગી જવાનું છે. હું તમારો શ્રમ, સમય, ક્ષમતા તથા ભાવના માગવા આવ્યો છું. તમે જો આપશો તો તમે વિશ્વાસ રાખજો કે તમે મારા ખેતરમાં બી વાવશો, તો મારી જમીન તમારું બી ખાઈ જવાની નથી, પરંતુ અનેકગણું પકવીને પાછું આપશે અને તમે ન્યાલ થઈ જશો. સમાપ્ત.  ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ